# પાતળી આઈબ્રો-હોઠથી પરેશાન?

## નેનો બ્લેડિંગથી મેળવો પર્ફેક્ટ શેપ





**જો આંખ આત્માની બારી છે તો ભ્રમર-આઈબ્રો એની ફ્રેમ છે. તમારી ખૂબસૂરતી અને ઓવરઓલ લુકમાં આઈબ્રોનો બહુ મહત્ત્વનો રોલ હોય છે. આપણે સ્કિનકેર અને મેકઅપ પર તો ધ્યાન આપીએ છીએ પરંતુ આઈબ્રોને નજરઅંદાજ કરીએ છીએ પરંતુ હકીકત એ છે કે આઈબ્રોનો યોગ્ય શેપ તમારા ચહેરાના એકસપ્રેશનને બદલી શકે છે. જો તમારી આઈબ્રો પાતળી, આછી કે અસમાન હોય તો નેનો બ્લેડિંગ તમારે માટે એક સારો વિકલ્પ સાબિત થઇ શકે છે. આવો જાણીએ શું છે નેનો બ્લેડિંગ અને એ શા માટે પોપ્યુલર છે.**

### નેનો બ્લેડિંગ શું છે?

નેનો બ્લેડિંગ એક એડવાન્સ કોસ્મેટિક ટ્રીટમેન્ટ છે જેના દ્વારા આઈબ્રોને મનપસંદ શેપ અને ઘનતા આપી શકાય છે. આ એક પ્રકારની સેમી પરમેનન્ટ ટેટુ ટેકિનક છે જેમાં બહુ બારીક નેનો સોયનો ઉપયોગ કરવામાં આવે છે. આ પ્રક્રિયામાં સ્કિનના ઉપરના લેયરમાં હલકા-હલકા સ્ટ્રોક કરવામાં આવે છે જેમાં પિગમેંટેડ ઈન્ક ભરવામાં આવે છે. આ સ્ટ્રોક્સ એટલા નેચરલ લાગે છે કે જોવામાં અસલી વાળ જેવા જ લાગે છે. નેનોબ્લેડિંગ બાદ આઈબ્રો ઘણી નેચરલ અને પર્ફેકટ દેખાય છે. જો તમારી આઈબ્રો પણ બહુ પાતળી હોય અને વચ્ચે ગેપ દેખાતો હોય તો આ ટેક્નિક એને ફુલર અને ડાર્ક બતાવવામાં મદદ કરે છે.


### શા માટે એનો ટ્રેન્ડ વધી રહ્યો છે?

આજની વ્યસ્ત જિંદગીમાં દરેક વ્યક્તિ એવું બ્યૂટી સોલ્યુશન ઈચ્છે છે જે સમય પણ બચાવે અને લાંબો સમય ટકે પણ. નેનો બ્લેડિંગ આ જરૂરત પૂરી પાડે છે.

* રોજ આઈબ્રો કરવાની ઝંઝટ પૂરી
* કાયમ પર્ફેકટ શેપ રહે છે.
* મેકઅપ વગર પણ ચહેરો આકર્ષક લાગે છે એટલે બોલિવુડથી માંડી સામાન્ય મહિલાઓ આ ટ્રેન્ડ અપનાવે છે.

### હોઠો માટે પણ ફાયદાકારક

નેનો બ્લેડિંગ માત્ર આઈબ્રો સુધી સીમિત નથી. તમે એ હોઠ પર પણ કરાવી શકો છો. આ પ્રક્રિયામાં હોઠ માટે નેચરલ શેડની ઈન્કનો ઉપયોગ કરવામાં આવે છે. જેનાથી એક પ્રકારનું સેમી પરમેનન્ટ લિપ લાઈનર બની જાય છે. એનાથી હોઠ વધારે શેપ્ડ અને ફુલર દેખાય છે. જો તમારા હોઠનો રંગ ડાર્ક કે અસમાન હોય તો નેનો બ્લેડિંગ દ્વારા એને બેલેન્સ કરી શકાય છે. એ ચહેરાને ફ્રેશ અને પોલિશ્ડ લુક આપે છે.



### નેનો બ્લેડિંગ કે માઈક્રો બ્લેડિંગ?

મોટા ભાગે લોકો નેનો બ્લેડિંગ અને માઈક્રો બ્લેડિંગને એક જ સમજી લે છે પરંતુ બંનેમાં કેટલાંક તફાવત છે.

### સોયનો ફેર

નેનો બ્લેડિંગમાં માઈક્રો બ્લેડિંગની સરખામણીએ વધારે બારીક સોયનો ઉપયોગ થાય છે.

### દુખાવો ઓછો

નેનો બ્લેડિંગમાં દુખાવો અને બ્લીડિંગ ઓછું થાય છે.

**નેચરલ લુક**

એમાં સ્ટ્રોક વધારે ફાઈન હોય છે એટલે લુક વધારે નેચરલ લાગે છે.

### લોંગ લાસ્ટિંગ

નેનો બ્લેડિંગની અસર લગભગ 2-3 વર્ષ સુધી રહી શકે છે જયારે માઈક્રો બ્લેડિંગ લગભગ 12 મહિના સુધી. જો તમે લાંબો સમય ટકે અને નેચરલ રિઝલ્ટ ઈચ્છતાં હો તો નેનો બ્લેડિંગ સારો વિકલ્પ છે.

### ટ્રીટમેન્ટ બાદ ધ્યાન રાખો

નેનો બ્લેડિંગ બાદ કેટલીક બાબતોનું ધ્યાન રાખવું જરૂરી છે.

* આઈબ્રો શકય એટલી સૂકી રાખો.
* આર્ટિસ્ટે સૂચવેલું મોઈશ્ચરાઈઝિંગ ક્રીમ જ લગાડો.
* કમમાં કમ સાત દિવસ સુધી ગરમ પાણીથી સ્નાન ન કરો.
* આઈબ્રોની આસપાસ મેકઅપ ન કરો.
* તડકામાં નીકળતી વખતે ચહેરો કવર કરો.

આ બાબતો ફોલો કરવાથી લાંબો સમય રિઝલ્ટ સારું રહેશે.

### નેનો બ્લેડિંગ કેટલું સુરક્ષિત ?

સામાન્ય રીતે નેનો બ્લેડિંગને એક સુરક્ષિત કોસ્મેટિક પ્રક્રિયા માનવામાં આવે છે પરંતુ એની સલામતી તમારા દ્વારા પસંદ કરાયેલા આર્ટિસ્ટ અને કિલનિક પર આધાર રાખે છે. આ પ્રક્રિયામાં સ્કિનના ઉપરના લેયર પર જ કામ કરવામાં આવે છે એટલે પર્મેનન્ટ ટેટુ જેવું ઊંડું નથી હોતું. જો હાઈજીનનું ધ્યાન રાખવામાં ન આવે કે અનટ્રેન્ડ વ્યક્તિ પાસે કરાવવામાં આવે તો ઈન્ફેકશન અને એલર્જીનું જોખમ રહે છે એટલે હંમેશાં લાઈસન્સ પ્રાપ્ત અને અનુભવી પ્રોફેશનલ જ પસંદ કરો. જે લોકોની સ્કિન બહુ સેન્સિટીવ હોય અથવા એક્ને, એલર્જી કે કોઈ ઈન્ફેક્શન જેવી સ્કિન સંબંધિત તકલીફ હોય તો પહેલા સ્કિન એકસપર્ટની સલાહ લો.

### કેટલી વાર કરાવવું પડે?

નેનો બ્લેડિંગ એક સેમી પર્મેનન્ટ ટેકિનક છે જેની અસર સામાન્ય રીતે 2-3 વર્ષ રહે છે પરંતુ એ તમારી સ્કિન ટાઈપ, લાઈફસ્ટાઈલ અને કેર રૂટિન પર પણ આધાર રાખે છે. ઓઈલી સ્કિન પર પિગમેન્ટ થોડું જલદી ફેડ થાય છે જયારે ડ્રાય સ્કિન પર એની અસર લાંબો સમય રહે છે. પહેલી વાર નેનો બ્લેડિંગ કરાવ્યા પછી મોટા ભાગે એક ટચ અપ સેશનની જરૂર પડે છે જે ચાર છ અઠવાડિયાંની અંદર કરવામાં આવે છે. ત્યાર બાદ જયારે તમને લાગે કે આઈબ્રોનો રંગ ઝાંખો પડવા માંડયો છે ત્યારે તમે બીજી વાર એને રીફ્રેશ કરાવી શકો.

ભારતમાં, નેનોબ્લેડિંગનો ખર્ચ સામાન્ય રીતે 20,000 થી 45,000 રૂ.ની વચ્ચે હોય છે જે શહેર, ક્લિનિકની પ્રતિષ્ઠા અને ટેક્નિશિયનની કુશળતા પર આધાર રાખે છે.



### ટિપ્સ

નેનોબ્લેડિંગ કરાવતાં પહેલાં કેટલીક જરૂરી બાબતો ધ્યાનમાં રાખવી આવશ્યક છે જેથી બહેતર અને સુરક્ષિત રિઝલ્ટ મેળવી શકાય.

* હંમેશાં કોઇ ટ્રેઇન્ડ અને અનુભવી આર્ટિસ્ટ પાસે જ ટ્રીટમેન્ટ કરાવો.
* ટ્રીટમેન્ટ પહેલાં પેચ ટેસ્ટ કરો.
* આઇબ્રોને પહેલાં થ્રેડિંગ કે વેકસ ન કરાવો.
* ટ્રીટમેન્ટના 24 કલાક પહેલાં કેફિન અને પેનકિલર ન લો.
* કોઇ પણ પ્રકારનાં ફેશિયલ કે સ્કિન ટ્રીટમેન્ટ પહેલાં ન કરાવો.